# ટૂંકીવાર્તા પર ચર્ચા સભાનું આયોજન (તા. ૨૭/૦૬/૨૦૧૯)

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વિવિકાનંદ ગ્રંથાલય, ગ્રંથાલય વિભાગ અને એક્ષટેન્શન એક્ટીવીટી દ્વારા ટૂંકીવાર્તા પર ચર્ચા સભાનું આયોજન વિવિકાનંદ ગ્રંથાલયમાં કરવામાં આવેલ જેમાં યુનિવર્સિટીના નિયામક (એકેડેમિક), શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીશ્રીઓ હાજર રહેલ હતા. આ સભામાં શ્રી અર્ચિતાબેન મૂછડીયા દ્વારા વાર્તા રે વાર્તાથી શરૂ કરી ટૂંકી વાર્તાના ઉદ્દભવ વિશે ચર્ચા કરવામાં આવી. ત્યારબાદ ડૉ. યોગેન્દ્ર પારેખ દ્વારા જણાવ્યું કે ટૂંકીવાર્તા એક સાહિત્ય સ્વરૂપ તરીકે પશ્ચિમનું સાહિત્ય છે. ઈ.સ. ૧૯૦૦માં 'શાંતિદાસ' નામની વાર્તા પ્રગટ થયેલી ૧૯૧૮માં પ્રગટ થયેલી 'ગોવાલણી' વાર્તામાં ટૂંકીવાર્તાનું સ્વરૂપ સિદ્ધ થયું  તમામ સાહિત્ય સ્વરૂપોમાં ગુજરાતી ટૂંકીવાર્તાની એક સદીની સ્વરૂપ  સમૃદ્ધિ વિશ્વસાહિત્યની કોઈપણ ભાષાનો મુકાબલો કરી શકે તેમ છે.

ડૉ. નિગમ પંડ્યાએ અંગ્રેજી વાર્તાના ઉદાહરણો આપવાની સાથે ધૂમકેતુનાં 'તણખા મંડળ'ની વાર્તાઓનો અસરકારક રીતે ઉલ્લેખ કર્યો હતો. ડૉ. ચેતના શાહ દ્વારા ટૂંકીવાર્તાઓ જીવનમાં અને બાળ વિકાસમાં કેવી રીતે ઉપયોગી થાય છે તેની રજૂઆત સાથે આવેલ તમામનો આભાર માની કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.




